Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૬૬ વૈશાક વિ. સં. ૨૦૨૫

અંક : ૭

આત્મ સં. ૭૩ મે : ૧૯૬૯ વીર સં. ૨૪૯૫

कालो दुस्तर आगतो जनमनो मोमेषु मग्नं भृशम्,
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ।
धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्धृदि,
आत्मानंदप्रकाशदीपकिरणं प्राप्नोतु शाश्वत्पदम् ॥

—: પ્રકાશક :—

જૈન આત્માનંદ સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | વિષય | | લેખકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | નેમ-રાજુલ રાસ | .... | શ્રી અમરચંદ માવજી શાહ | ટાઈટલ પેજ-૨ |
| ૨. | મહાવીર વાણી | .... | પં. બેચરદાસ જીવરાજ દોશી | ૧૧૭ |
| ૩. | 'વીર'માંથી બન્યા 'મહાવીર' | .... | ડો. ભાઈલાલ એમ. બાવિસી | ૧૧૮ |
| ૪. | ધર્મ-અનુરાગ | .... | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૨૦ |
| ૫. | શ્રીમદ્ રાજચંદ્રના ભાવ નમસ્કારો | .... | 'જીજ્ઞાસુ' | ૧૨૩ |
| ૬. | ઉદયરત્ન-વિરચિત નેમિનાથ તેરમાસા | .... | સં. ડો. શિવલાલ જેસલપુરા | ૧૨૫ |
| ૭. | જૈન સમાચાર | .... | — | ૧૩૬ |
| ૮. | સાહિત્ય સમાલોચના | .... | | ટાઈટલ પેજ-૩ |



---

## નેમ-રાજુલ રાસ

(હું રે મૈયારણ રે, ગોકુળ ગામની)

હું રે વૈરાગણ રે, નેમજીના પંથની;
મારે નેમજીને શોધવા જાવું, વૈરાગણ રે, નેમજીના પંથની-હું રે....૧

મિંઢોળ બાંધી મને છોડીને ચાલીયા;
પહોંચ્યા એ ગઢ ગિરનાર, વૈરાગણ રે, નેમજીના પંથની-હું રે....૨

અષ્ટભવ પ્રેમના તારને તોડીયા,
સુણી પશુના પોકાર, વૈરાગણ રે; નેમજીના પંથની-હું રે.....૩

શિવ સુંદરીના સ્નેહમાં ફસીયા,
હું તો દુખિયારી અપાર, વૈરાગણ રે, નેમજીના પંથની-હું રે....૪

વિતરાગીના પંથે એ પડીયા;
હું તો સરાગી સંસાર, વૈરાગણ રે, નેમજીના પંથની-હું રે.....૫

એકલી અટુલી વન વન ભમતી,
પીયુ પીયુ કરતી પોકાર, વૈરાગણ રે; નેમજીના પંથની-હું રે.....૬

સહસ્રા વનમાં સહુણા મળીયા,
સાંધ્યા મેં પ્રેમના તાર, વૈરાગણ રે; નેમજીના પંથની-હું રે....૭


રાજુલ ભવના ફેરા ટળીયા;
'અમર' થયા ગિરનાર, વૈરાગણ રે; નેમજીના પંથની-હું રે.....૮

તળાજા

અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૬૬ ] મે : ૧૯૬૯ [ અંક : ૭

# મહાવીર–વાણી

आणा-निद्देसऽकरे, गुरूणमणुववायकारए ।
पडणीए असंबुद्धे, अविणीए त्ति वुच्चई ॥ ८२ ॥

જે મનુષ્ય ગુરુજનની આજ્ઞા પ્રમાણે વર્તતો ન હોય, ગુરુજનની દેખરેખમાં ન રહેતો હોય-સ્વચ્છંદી હોય, ગુરુજનનો વિરોધી હોય, બેવકૂફ હોય-સમજ વગરનો હોય તે અવિનીત-વિનય વિનાનો કહેવાય છે. (ગાથા ૮૨).

जस्सन्तिए धम्मपयाइं सिक्खे,
तस्सन्तिए वेणइयं पउंजे ।
सक्कारए सिरसा पंजलीओ,
काय-ग्गिरा भो ! मणसा य निच्चं ॥ ८६ ॥

જેમની પાસેથી ધર્મનાં પદો એટલે ધર્મનાં વચનોને શીખે તેમની પાસે વિનયથી વર્તવું જોઈએ, તેમનો સત્કાર કરવો જોઇએ. તેમને માથું નમાવીને અને હાથ જોડીને પ્રણામ કરવા જોઇએ, તથા હંમેશાં શરીર વડે, વચન વડે, અને મન વડે પોતાને ધર્મશાસ્ત્ર શીખવનાર ગુરુનો હરેક પ્રકારે વિનય કરવો જોઇએ. (ગાથા ૮૬).

શ્રી. બેચરદાસ પંડિત. મહાવીર વાણી (ગાથા ૮૨, ૮૬).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'વીર' માંથી બન્યો 'મહાવીર'

[ લે. : ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M. B. B. S. પાલીતાણા ]

)(—૦—)( અગદ્યપદ્ય )(—૦—)(

માતા ત્રિશલાદેવીની કુખે,
સિદ્ધાર્થ તણા ઉજ્જવળ કુળે,
સુપુત્ર 'વર્ધમાન' જન્મ્યા !
શૌર્ય-વીર્યથી 'વીર' બન્યા !
'વીર'માંથી 'મહાવીર' બન્યા !

અંગુઠે કંપાવ્યો મેરૂ,
પૂંછડીએ ફંગોળ્યો એરૂ,
દૈત્ય-દાનવને મુષ્ટિ-પ્રહારે,
વિરાટમાંથી વામન કરે !
શૌર્યભરી વીરતા સભર,
વર્ધમાન એ કહેવાયા 'વીર' !

માતા - પિતા ભ્રાતા તણી,
આજ્ઞા - અનુજ્ઞા શિર ધરી,
સંસારે હતા વિરકત,
વ્યવહારે પણ અનાસકત,
સ્નેહ-સ્વભાવે, કુટુંબભાવે,
વર્ધમાન પરિણીત બન્યા,
ગરવા ગૃહસ્થી થઇને રહ્યા !
મનને મારી, સંયમ ધારી,
સંસાર - આચરે એ સંસારી,
'જલ-કમલ-વત્' રહ્યા વીર !
જંજાળ થકી અલિપ્ત ભડવીર !

ગ્રહી દીક્ષા, ચાલ્યા જંગલ,
સાધવા જીવનનું મંગલ !
સહ્યા અનેક ઉપસર્ગો,
વહ્યા કાંઇક પરિષહો,
દુઃખો સામે ડગ દીધા,
કર્મ નિર્જરવા પ્રયાણ કીધા !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેહનાં દમન કરી,
મનમહીં સંયમ ધરી,
મુક્તિના મંઝીલ ભણી...
અવિરત યાત્રા આદરી!
આતમા પરમાત્મ બન્યો!
'વીર'માંથી 'મહાવીર' બન્યો!

ગોવાળે કંઈ પીડા કરી,
ગોશાળો પણ થયો વૈરી,
યક્ષ – સંગમે ઉપસર્ગો કીધા,
ચંડકૌશિકે ડંખો દીધા,
સહન કર્યું એ હસતે મુખડે,
દહન કર્યા કર્મ, તનને ટૂકડે!
સહનશીલતા જાણે મૂર્તિમંત!
'મહાવીર' કહાયા ભગવંત!

અહિંસા, સંયમ, તપ આચરી,
મૈત્રિ-પ્રમોદનાં ઝરણાં વહાવી,
"વસુધૈવ કુટુંબકમ્" ઉપદેશી,
પામ્યા કેવળ 'મહાવીર સ્વામી.'
બાર બાર વર્ષનાં તપ આકરા,
વીરે સેવ્યા, દાધી દેશના,
શીલ, સદાચાર, સમ્યકત્વ પ્રેરતા,
'વીર'માંથી 'મહાવીર' બનતા!
પાવાપુરીમાં નિર્વાણ પામી!
'વર્ધમાન' બન્યા મહાવીર સ્વામી!

વીરકેરી અજોડ એ વીરતા,
પ્રેરક અમ જીવનમાં બનો!
મહાવીરની એ જીવન-પ્રણાલિ,
સર્વ જીવોની તારક બનો!
વીર વર્ધમાનને વંદીએ,
પ્રભુ મહાવીરને પ્રણમીએ!

એને અનુસરીએ!
ને ધન્ય બનીએ!!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ-અનુરાગ

લેખક:- શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

વિનીતાનગરીમાં ભરત ચક્રવર્તીનો પુત્ર ચંદ્રયશા રાજ્ય કરતો હતો. તેની સત્તા, શક્તિ, યશ અને કીર્તિ અપૂર્વ હતા. ચંદ્રયશા ધર્મનો અત્યંત અનુરાગી હતો અને વ્રત પાલનમાં ચુસ્ત હતો.

એક વખત ઇન્દ્રસભામાં સૌધર્મેન્દ્ર પાસે ઉર્વશી અને રંભા મધુર સ્વરે સંગીત અને નૃત્ય કરી રહ્યા હતા. ત્યારે અવધિજ્ઞાનવડે તેણે ચંદ્રયશાને પૌષધશાળામાં ધ્યાનમાં સ્થિર થઇ બેઠેલો જોયો. સૌધર્મેન્દ્રને વિચાર આવ્યો કે જે આનંદ અને શાંતિ આ નૃત્યના દૃશ્યમાં અનુભવાય છે તે કરતાં અનેકગણા શાંતિ અને આનંદ ચંદ્રયશા રાજવી પૌષધક્રિયામાં અનુભવી રહ્યા છે. ચંદ્રયશાના આનંદ પાસે તેના ઉર્વશી-રંભાના નૃત્ય-સંગીત ફીક્કા લાગ્યા. તેથી તેણે પોતાનું મસ્તક ધુણાવ્યું.

ઇંદ્રરાજાની આવી કટાણાંની ચેષ્ટા જોઇ ઉર્વશી અને રંભાને આશ્ચર્ય તેમજ ખેદ થયાં, એટલે ઇંદ્રરાજને નમન કરી પૂછ્યું: દેવ! અમારા કળા-કૌશલ્ય કે સંગીતના તાલમાં આપે કોઇ ભૂલ જોઇ કે જેથી આપે આપનું મસ્તક ધુણાવ્યું? ઈંદ્રે જવાબ આપતા કહ્યું: મૃત્યુલોકમાં ભરત ચક્રવર્તીના પુત્ર ચંદ્રયશાની ધર્મમાં દૃઢતા જોઈ મને તેના પ્રત્યે માન ઉત્પન્ન થયું અને ધર્માનુષ્ઠાનો પાસે આ નૃત્ય-સંગીતના જલસા કેવા પોકળ છે એ વિચારે મારૂં મસ્તક હલી ઊઠયું.

ઉર્વશીને ઇંદ્રરાજનું આ કથન ન ગમ્યું પણ પોતાના અણગમાની વાત જાહેર ન કરતાં કહ્યું: 'દેવ! મૃત્યુલોકના કેટલાક માનવો ગુણોથી ભરેલાં હોવા છતાં તેઓ દંભ અને ડોળના દોષથી મુક્ત નથી હોતા. વિશ્વામિત્ર જેવા તપસ્વી પણ મેનકાને જોઇ તપ ભૂલી ભોગમાં લપસી પડયા. આપ રજા આપો તો ચંદ્રયશાની ધર્મદૃઢતાની અમે કસોટી કરીએ! શુદ્ધ દેખાતા સોનાને પણ કસોટીએ ઘસો એટલે એમાંની ભેળસેળ દેખાઈ આવે.

ઇંદ્રે કહ્યું: ઉર્વશી! મૃત્યુલોકના માનવી વિષેના તમારા જ્ઞાન અને અનુભવ અપૂર્ણ અને અધકચરા છે. ચંદ્રયશા રાજવી ધર્મમાં એટલો બધો દૃઢ છે કે સૂર્ય કદાચ પૂર્વને બદલે પશ્ચિમમાં ઊગે તો પણ તે ધર્મમાર્ગેથી કદી ચલાયમાન ન થાય.

ઈંદ્રની વાત સાંભળી રંભા બોલી ઊઠી: 'મૃત્યુલોકનો માનવી ધર્મમાં ગમે તેવો દૃઢ હોય, પણ આનુવંશિક સંસ્કારો લઇને જ તે જન્મેલો હોય છે, એટલે તેનામાં વાસનાનાં બીજ પડેલાં જ હોય છે. અમે માત્ર નૃત્ય—સંગીતમાં પારંગત છીએ એવું નથી, અમારામાં તો સમગ્ર માનવલોકને નચાવવાની પણ શક્તિ રહેલી છે. પુરુષની દૃષ્ટિને આંખના એક પલકારામાં અમે જીતી લઇએ છીએ અને પછી તો પેલો પામર માનવી અમારૂં પાળેલું પંખી બની જાય છે. રંભાની વાત સાંભળી ઇંદ્રસભામાં હાસ્યનું મોજું ફેલાઇ ગયું.

ઇંદ્રે ઉર્વશી અને રંભાને કહ્યું.: 'તમો બંને મૃત્યુલોકમાં જઇ ચંદ્રયશાને તેના ધર્મમાર્ગમાંથી ચ્યુત કરાવી શકો તો હું તમારી વાત સાચી માનું.'

ઉર્વશી અને રંભાએ ચંદ્રયશાને ધર્મના માર્ગેથી ચ્યુત કરાવવાનું બીડું ઝડપ્યું અને એક દિવસે વહેલી પ્રભાતે વિનીતાનગરીના શણગાર જિનમંદિરમાં જઇ પહોંચી મધુર સ્વરે જિનેશ્વર ભગવંતના ગુણોનું ગાન કરવા લાગી. રંભાના હાથમાં વીણા હતી અને તેના સપ્તસ્વરમય સંગીતથી મંદિરની આસપાસ પશુ અને પક્ષીઓ પણ ભેગા થવા લાગ્યા. પાયલની રાણીરૂપ ઉર્વશી જાણે પોતાનો સમગ્ર દેહ ફૂલમાંથી જ બન્યો હોય એમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાચતી હતી. નૃત્યવખતે તેના દેહનાં અંગેઅંગમાંથી એક પ્રકારની વીજળી લસલસતી દેખાઇ આવતી હતી.

બંનેની ડોકમાં હીરાનાં હાર, હાથમાં નીલમના કંકણુ તથા માણેકજડિત બાજુબંધ, કાનમાં હીરા તથા પાનાનાં કર્ણફૂલ અને નાસિકામાં હીરા-જડિત નાજૂક ચૂંક શોભી રહ્યા હતા. વહેલી પ્રભાતે બરોબર એ સમયે ચંદ્રયશા રાજવી દર્શનાર્થે ત્યાં પહોંચ્યા ત્યારે આ બંને વિદ્યાધરીઓની અપૂર્વ સંગીતનંદ ભક્તિ ચાલી રહી હતી.

મંદિરના પ્રવેશદ્વારમાં દાખલ થતી વખતે આવું અનુપમ સંગીત સાંભળી રાજા સ્તબ્ધ થઇ ગયો. એ સંગીત મદિરા કરતાં પણ વધુ માદક હતું. મદિરાના ઘેનમાં માણસ જેમ ભાન ભૂલી જાય છે, તેમ એ સંગીતના સ્વરો માણસના કાને પડે કે ભાન ભૂલાઈ જતું. ભગવાનના દર્શન કરી ચંદ્રયશા જ્યારે પાછો ફર્યો ત્યારે બંને બહેનોનું અપ્રતિમ લાવણ્ય, તેઓની ભાવ નીતરતી નયનોની દીપ્તિ અને તેમના વદન પર પ્રગટ થતી મનોહર આભા જોઈ રાજા મુગ્ધ બની ગયો અને પોતાનું ભાન ખોઇ બેઠો.

રાજાનો મુખ્ય મંત્રી સાથે હતો. રાજાનું 'મૃદુનિ કુસુમાદપિ' તડફડતું હૈયું તેનાથી ગુપ્ત ન રહ્યું. થોડીવારે પેલી બંને બહેનો મંદિરની બહાર નીકળી એટલે મંત્રીએ તેમના જાતિ-કુલ પૂછ્યાં. ઉર્વશીએ કહ્યું : ' અમે બંને વિદ્યાધરની પુત્રીઓ છીએ અને પતિની શોધ અર્થે નીકળ્યાં છીએ, અનેક સ્થળોએ ફર્યા પણ હજુ સુધી અમારા મનને સંતોષ થાય એવો કોઇ પુરુષ જોવામાં આવ્યો નથી. અમે બંને એક જ પતિ સાથે લગ્ન કરવા ઇચ્છીએ છીએ અને અમારા પતિદેવ નિરંતર અમારી પાસે જ રહે અને અમારા કોઈ વચનનું ઉલ્લંઘન ન કરે એ અમારા લગ્નની મુખ્ય શરત છે. '

મંત્રીએ ચંદ્રયશાના કીર્તિ, ગુણો અને ધર્મ-નિષ્ઠતાની પ્રશંસા કરી બંને બહેનોને તેના સાથે લગ્ન કરવા માટે વાત કરી એટલે રંભાએ કહ્યું : 'પુરુષ તો મોટાભાગે ભ્રમર જેવા હોય છે અને તેની પ્રીતિ પણ ફટકિયાં મોતી જેવી હોય છે. એમ છતાં અમારી શરત માટે તમે જામીન થતા હો તો અમે લગ્ન કરવા તૈયાર છીએ. '

બંને બહેનોનાં લગ્ન ચંદ્રયશા સાથે ધામધૂમપૂર્વક થઈ ગયા અને ઉર્વશી રંભાએ ચંદ્રયશાનાં હૃદય પર કાબૂ પણ જમાવી દીધો પરંતુ ચંદ્રયશાનાં લોહીના અણુએ અણુમાં ધર્મના તત્વો હતાં. આમ છતાં બંનેને લાગ્યું કે પુરુષનું હૃદય જીતી લીધાં પછી એને ધર્મમાર્ગેથી ચ્યુત કરવામાં તે શી વાર લાગવાની ?

થોડા દિવસો બાદ પર્વતિથિ આવી એટલે વહેલી પ્રભાતે પૌષધ લેવા અર્થે રાજાએ પોતાના ઉપકરણો તૈયાર કરી રાખવા માટે નોકરને આજ્ઞા કરી. બીજે દિવસે ચંદ્રયશા ઉપાશ્રયમાં રહેનાર છે એ વાત જાણતાં બંને વિદ્યાધરીઓ મૂર્છિત થઈ ગઇ. શીતલ જળ વડે બંનેએ ભાનમાં આવતાં કહ્યું: 'રાજન્! એક ક્ષણુ માત્રનો પણ તમારો વિરહ અમને કોટીકલ્પ જેવો લાંબો લાગે છે. અમારા સાનિધ્યમાં તમને પૌષધ કરતાં વધુ આનંદ શું પ્રાપ્ત નથી થતો ?'

ચંદ્રયશા વિદ્યાધરીઓની વાત સાંભળી હસી પડ્યો અને બોલ્યો: 'તમારી સાથેના આનંદ અને પૌષધક્રિયાના આનંદ વચ્ચે સરખામણી ન થઈ શકે. સ્વાર્થસિદ્ધવિમાનવાસી દેવને જે શાંતિ અને આનંદ હોય છે, તેની અલ્પ ઝાંખી પૌષધક્રિયા વખતે હું અનુભવું છું. વળી પૌષધના મારા નિયમમાં જ્યાં સુધી મારામાં જીવ છે ત્યાં સુધી કદી પણ ભંગ થશે નહીં.'

ઉર્વશીએ કાંઇક રોષમાં આવી જઇ રહ્યું: 'ભગવાન આદિનાથનાં તમે પૌત્ર અને ભરત ચક્ર-વર્તીનાં પુત્ર છો, એટલે પ્રાણુ જાય તો ભલે જાય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ તમારા વચનને મિથ્યા નહિં થવા દો એવી ખાતરી થયા પછી જ તમારી સાથે અમે લગ્ન કર્યાં છે. હવે તમારા વચનની તમને કિંમત જ ન હોય તો અમારી ઇચ્છા વિરૂદ્ધ તમે પૌષધ કરવા જઇ શકો છો, પણ તેમ કરવા જતાં અમો બંને બહેનોની હત્યાનું પાપ તમારે ભોગવવું પડશે.'

રાજાએ કહ્યું: 'વિદ્યાધરીઓ ! આવો હઠાગ્રહ તમને શોભતો નથી. પત્નીની ફરજ પોતાના પતિને ધર્મમાર્ગે દોરવાની છે, ત્યારે અહિં તો તમે મને ધર્મના માર્ગોથી ચ્યુત કરવા પ્રયત્ન કરો છો. આવતી કાલે સવારે મને પૌષધ લેતાં અટકાવે એવી કોઇ શક્તિ આ જગતમાં નથી, સિવાય કે મારું મૃત્યું. જીવનના ભોગે પણ મારા વ્રતનું ખંડન થવા દઇશ નહિં.'

રાજાની વાત સાંભળી રંભા ઉશ્કેરાણી અને કહ્યું 'ધિક્ધિક્ છે રાજન ! પૌષધવ્રત પ્રિય હતું તો અમારી સાથે લગ્ન શા માટે કર્યાં ? પતિ ગમે તેમ વર્તે અને પત્ની ચુપ બેસી જોયા કરે એવી માનવલોકની વેવલી સ્રીઓ અમે નથી. અમારો પતિ જે વખતે વચનભંગ કરે તે જ પળે અમે જીવનનો અંત લાવી દઇએ. તમારા મંત્રી આપણા લગ્નની શરતના જામીન છે.'

ચંદ્રયશાની વ્યથાનો પાર ન રહ્યો આ વિદ્યાધરીઓને સમજાવવાનું કાર્ય તેને અશક્ય લાગ્યું. લગ્ન વખતે વિદ્યાધરીઓને આપેલા વચનની યાદ આવતા તે દ્વિધામાં પડ્યો પૌષધ ન લેવાથી તે વ્રતભંગ થતો હતો અને વ્રતભંગ એટલે ધર્મભંગ. વચનભંગ કરવાથી પણ ધર્મનો લોપ થતો હતો, એટલે હવે શું કરવું તેની ભારે વિમાસણમાં તે પડ્યો. માણસનાં હૈયામાં કોઇવાર જ્યારે તોફાન જાગે છે ત્યારે વિવેકદૃષ્ટિ આપોઆપ પાંગળી અથવા વિકૃત બની જાય છે. શામ, દામ, દંડ અને ભેદના ઉપાયોથી પણ જ્યારે આ મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો કોઇ માર્ગ ન જોયો ત્યારે ક્રોધના આવેશમાં આવી જઇ ચંદ્રયશા બોલી ઊઠયો:

**अनृतं साहसं माया मूर्खत्वमतिलोभता।**
**अशौचत्वं निर्दयत्वं स्त्रीणां दोषाः स्वभावजाः॥**

સમગ્ર સ્રી જાતિની અવહેલના કરતી રાજાની કુપિત વાણી સાંભળી, ઉર્વશીનું મુખ તામ્રરંગી બની ગયું, પણ રંભા તો આવેશપૂર્વક બોલી : 'માણસ પાસે જ્યારે દલીલ ખૂટી જાય ત્યારે તે ક્રોધ અને ગુસ્સાનો આશ્રય ન લે તો બીજું શું કરે ? નબળો માટી બૈરાં પર શૂરો એ તમારા લોકોની વાત તમે સાચી પૂરવાર કરી આપી છે, રાજન ! હવે પ્રભાત સુધી અમે રાહ જોવાનાં નથી, અમે હમણાં જ અગ્નિ પ્રગટાવી તેમાં પ્રવેશ કરી અમારા જીવનનો અંત લાવશું.'

માણસનું અંતર એક ઊંડી ખાણ જેવું છે, તેમાં ક્યારેક કોલસા જેવી મલીનતા તો ક્યારેક સુવર્ણ જેવું તેજ જોવામાં આવે છે. ચંદ્રયશાની બાબતમાં પણ તેમજ બન્યું. વિદ્યાધરીઓની દલીલથી તેની ચક્ષુ સમક્ષના પડદા દૂર થઇ ગયા. તે વિચારવા લાગ્યો કે ભગવાન આદિનાથ મારા દાદા અને ભરત ચક્રવર્તીનો હું પુત્ર. ધર્મપથ પરથી ચ્યુત થયા પહેલાં તો મારે મરણનું શરણ શોધવું જોઇએ. જેમ પૌષધ ન કરું તો વ્રતભંગ થાઉં, તેમ લગ્નની શરત મુજબ ન વર્તું તો વચનભંગ થાઉં. વ્રતભંગ અને વચનભંગ બંનેમાં ધર્મથી ચ્યુત થવાની વાત છે. પત્નીઓ પ્રત્યેનો તિરસ્કાર એ તો મારી નરી નબળાઇ છે. માણસે કેમ જીવવું એ પૂરતું નથી, કઇ રીતે અને ક્યારે મરવું તે પણ તેણે જાણી લેવું જોઇએ. આવતીકાલના સૂર્યોદય પહેલાં મરી જઇને હું વ્રતભંગ અને વચનભંગના પાપમાંથી બચી જઇ શકું છું.

મહાપુરુષોને નિર્ણય લેતાં વાર લાગતી નથી. નજીકમાં પડેલા ખડ્ગ લઇને તેણે પોતાના ગળા પર ઘા કર્યો, પણ આશ્ચર્ય વચ્ચે તેણે જોયું કે ખડગની ધારા સ્તંભિત થઇ ગઇ છે. ઉર્વશી અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ રાજચંદ્રના ભાવ–નમસ્કારો

'મોક્ષસિદ્ધાંત' પ્રબંધના (અંક ૭૫૭) મંગલાચરણમાં **શ્રીમદ્ રાજચંદ્રે** જે પંચ પરમ ગુરુ–પંચ પરમેષ્ઠિને પૂર્ણ ભાવપૂર્ણ નમસ્કાર કર્યા છે, તે તો શ્રીમદ્દના અનન્ય ભક્તિમય આત્માની તે પંચ પરમેષ્ઠિ સાથે અનન્ય તન્મયતા–તદ્રૂપતા પ્રકાશે છે–ઉદ્દઘોષે છે. "કર્મરૂપ વૈરીનો પરાજય કર્યો છે એવા અર્હંત ભગવાન, શુદ્ધ ચૈતન્યપદમાં સિદ્ધાલયે વિરાજમાન એવા સિદ્ધ ભગવાન; જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ અને વીર્ય એવા મોક્ષના પાંચ આચાર જેના આચરણમાં પ્રવર્તમાન છે અને બીજા ભવ્ય જીવોને તે આચારમાં પ્રવર્તાવે છે એવા આચાર્ય ભગવાન; દ્વાદશાંગીના અભ્યાસી અને તે શ્રુત શબ્દ, અર્થ અને રહસ્યથી અન્ય ભવ્ય જીવોને અધ્યયન કરાવનાર એવા ઉપાધ્યાય ભગવાન; મોક્ષમાર્ગને આત્મજાગૃતિપૂર્વક સાધતા એવા સાધુ ભગવાનને હું પરમ ભક્તિથી નમસ્કાર કરું છું." અને આ પંચ પરમેષ્ઠિનું સ્વરૂપ જેમાં અંતર્ભૂત છે એવો ૐ તો–શ્રીમદ્દની એવી વિશિષ્ટતા છે કે તેમના પ્રાયઃ સર્વ પત્રોમાં મથાળે મૂકવામાં આવ્યો જ હોય છે, તે પ્રણવ પણ શ્રીમદ્દની નવપદજી–સિદ્ધિચક્રજી આ પંચ પરમેષ્ઠિ પ્રત્યેની પરાભક્તિનું સૂચન કરે છે. (ગુણીથી ગુણ અભિન્ન છે, એટલે પંચ પરમેષ્ઠી ગુણીમાં જ્ઞાનાદિ ચાર ગુણનું અંતર્ભાવન છે જ.)

તેમજ તે તે પત્રોના મથાળે મૂકવામાં આવેલા નમસ્કારો પણ તેવા જ અદ્દભુત અને પરમ ભાવવાહી છે, અને તે શ્રીમદ્દના અંતરૂભાવના–આંતરૂદશાના દ્યોતક અથવા તે તે પત્રમાં આવતી વસ્તુને પુષ્ટ કરે એવા ભાવના પોષક હોય છે. જેમકે— 'વિષમ સંસારબંધન છેદીને ચાલી નીકળ્યા તે પુરુષોને અનંત પ્રણામ' (અં. ૫૮૮), સત્પુરુષોના અગાધ ગંભીર સંયમને નમસ્કાર. (અં. ૮૦૮), ભૂજાએ કરી જે સ્વયં ભૂરમણ સમુદ્ર તરી ગયા, તરે છે અને તરશે તે સત્પુરુષોને નિષ્કામ ભક્તિથી ત્રિકાળ નમસ્કાર. (અં. ૬૯૩), અપારવત્ સંસારસમુદ્રથી તારનાર એવા સદ્દધર્મનો નિષ્કામ કરુણાથી જેણે ઉપદેશ કર્યો છે, તે જ્ઞાનીપુરુષોના ઉપકારને નમસ્કાર હો! નમસ્કાર હો! (અં. ૬૦૦), દેહધારી છતાં નિરાવરણ જ્ઞાન સહિત વર્તે છે એવા મહાપુરુષોને

---

રંભાએ પોતાનું ખરું સ્વરૂપ પ્રગટ કરી અને સાચી ઓળખાણ આપી કહ્યું: 'રાજન્! તમારા ધર્મ અનુરાગને અમે વંદન કરીએ છીએ. ધર્મ વિષેની તમારી દૃઢતાની કસોટી કરવા આજ્ઞાનુસાર અમે આવ્યા હતા, અને મૃત્યુલોકની શોભા તમારા જેવા ધર્મપ્રેમી માણસોના લીધે જ છે, તેની અમને આજે ખાતરી થઈ. જીવન જીવતાં તો કદાચ ઘણાને આવડતું હશે, પણ મરતાં તમારી જેમ બહુ ઓછાને આવડે છે.' આમ કહીને બંને અપ્સરાઓ અલોપ થઈ ગઈ.

દેવલોકમાં જઈ ઉર્વશી અને રંભાએ સૌધર્મેંદ્રને કહ્યું: 'ઇંદ્રરાજ! મૃત્યુલોકના માનવોમાં આનુવંશિક વિકાર વાસના રહેલા હોવા છતાં, ધર્મના સંસ્કારો દ્વારા માનવ તેમાંથી મુક્ત બની, સર્વોત્તમ સ્થાન પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવે છે, અને આ તત્ત્વ અમે ચંદ્રયશા રાજવીમાં જોયું. વચનભંગ અથવા વ્રતભંગનું પાપ વહોરી ધર્મમાર્ગેથી ચ્યુત થવાને બદલે આ નરવીરે જીવનનાં બલિદાનને સર્વોત્તમ માન્યું અને તેથી અમારા મસ્તક તેને નમી પડ્યાં.'

ચંદ્રયશા રાજવી પણ દાદા અને પિતાના પગલે પગલે એ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

(જૈન શિક્ષણ–સાહિત્ય–પત્રિકામાંથી સાભાર).



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રિકાળ નમસ્કાર (અં. ૬૭૪), પરમ ભક્તિથી સ્તુતિ કરનાર પ્રત્યે પણ જેને રાગ નથી અને પરમ દ્વેષથી પરિષહ ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ દ્વેષ નથી તે પુરુષરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર. (અં. ૭૬૭), દીર્ઘકાળની જેની સ્થિતિ છે, તેને અલ્પકાળની સ્થિતિમાં આણી, જેમણે કર્મક્ષય કર્યો છે તે મહાત્માઓને નમસ્કાર. (અં. ૭૯૧), સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઇ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર. (અં. ૮૩૩), અગમ્ય છતાં સરળ એવા મહત્ પુરુષોના માર્ગને નમસ્કાર. (અં. ૮૮૭) અને પત્રોના અંતે ને ક્વચિત્ વચ્ચે પણ શ્રીમદ્દના તેવા અદ્દભુત ભાવ-નમસ્કાર દશ્યમાન થાય છે.–'જ્ઞાનમય આત્મા જેમને પરમોત્કૃષ્ટ ભાવે પ્રાપ્ત થયો, અને જેમણે પરદ્રવ્ય-માત્ર ત્યાગ કર્યું છે, તે દેવને નમન હો ! નમન હો ! (અં. ૭૬૩), પરમ સુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત શુદ્ધ-ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર. તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.' (૮૩૩), જે મહાત્માઓ અસંગ ચૈતન્યમાં લીન થયા, થાય છે અને થશે તેને નમસ્કાર ૐ શાંતિ. (અં. ૯૦૧), અને છેલ્લા ત્રણ નમસ્કાર તો શ્રીમદ્દની અનન્ય તત્ત્વદૃષ્ટિ અને અદ્દભુત તત્ત્વભક્તિ પ્રકાશે છે. અને પત્રાંક ૬૭૪ ના અંતે આ પરમ ભાવવાહી નમસ્કાર તો 'નમો મુજ નમો મુજ !' એવી આનંદઘનજીની ગાયેલી પરમ ધન્યદશાને પામેલા શ્રીમદ્દ જાણે પોતે પોતાને નમસ્કાર કરતા હોય એવો ભાસ આપે છે–

'જે દેહધારી સર્વ અજ્ઞાન અને સર્વ કષાય રહિત થયા છે તે દેહધારી મહાત્માને ત્રિકાળ પરમ ભક્તિથી નમસ્કાર હો ! નમસ્કાર હો ! તે મહાત્મા વર્તે છે તે દેહને, ભૂમિને, ઘરને, માર્ગને, આસનાદિ સર્વને નમસ્કાર હો ! નમસ્કાર હો !' (અં. ૬૭૪).

અને આત્મસિદ્ધિ શાસ્ત્રની–'જે સ્વરૂપ સમજ્યા વિના' ૪. આદ્ય મંગલરૂપ અને 'દેહ છતાં જેની દશા' ૪. અંત્ય મંગલરૂપ એ બે અમર ગાથા અને 'પરમ પુરુષ પ્રભુ સદ્દગુરુ' એ પ્રાસ્તાવિક ગાથા–એ શ્રીમદ્દની સુપ્રસિદ્ધ નમસ્કારત્રયી તો એટલી બધી સુપ્રસિદ્ધ અને પરમ લોકપ્રિય છે કે તેની ઓળખાણ આપવાની રહેતી નથી.

આ અમર નમસ્કારત્રયી જો શ્રીમદ્દના અમર નમસ્કારોમાં મૂર્ધન્યસ્થાને શોભે છે, તો તેમાં ચૂડામણિ સ્થાને શ્રીમદ્દ રાજચંદ્રની અંતિમ કૃતિની આ અંતિમ અમૃતગાથા વિરાજે છે.

સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત્ર રહે તદ્દધ્યાન મહીં.
પરશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે.

## મહાન્ ભાવનાસૂત્રો–

પરમ ધર્મમૂર્તિ શ્રીમદ્દ આ વીતરાગધર્મની મુક્તકંઠે પ્રસ્તુતિ કરતા અને આ પરમ વીતરાગ-ધર્મનો આશ્રય કરી જન્મ-મરણાદિના બંધનરૂપ ક્લેશમય સંસારથી વિરામ પામવા પ્રમાદ છોડી આ રત્નચિંતામણિ મનુષ્યદેહનું સાર્થક્ય કરવાનું પરમ ભાવવાહી આહ્વાન કરતાં આ મહાનસૂત્રો પ્રકાશે છે.—

'પ્રાણીમાત્રનો રક્ષક, બાંધવ અને હિતકારી એવો કોઇ ઉપાય હોય તો તે વીતરાગનો ધર્મ જ છે' (અં. ૯૦૩).

'વીતરાગનો કહેલો પરમ શાંતરસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારી-પણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેનાં જેવું જીવને સંસારરોગ મટાડ-વાને બીજું કોઇ પણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.'

(અનુસંધાન પૃષ્ટ ૧૩૫ ઉપર જુઓ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદયરત્ન–વિરચિત નેમિનાથ તેરમાસા

સં. ડૉ. શિવલાલ જેસલપુરા.

પદ, આખ્યાન, વાર્તા, રાસ, પ્રબંધ, ફાગુ આદિની જેમ બારમાસી કે બારમાસા પ્રાચીન–મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો એક મુખ્ય પ્રકાર છે. વિરહની વ્યથા સાથે જુદાજુદા બાર માસની પ્રકૃતિનું સુભગ આલેખન એની એક વિશિષ્ટતા છે. કેટલીકવાર બાર માસને બદલે તેર માસનું વર્ણન તેમાં કરેલું જોવા મળે છે અને એવાં કાવ્યોને તેરમાસા તરીકે ઓળખાવવામાં આવ્યાં છે. ગુજરાતી ભાષામાં આરંભકાળથી વિક્રમની ઓગણીસમી સદી સુધી જૈન અને જૈનેતર કવિઓએ રચેલાં બારમાસી કાવ્યોના પુષ્કળ નમૂના મળે છે. અને વસ્તુ, નિરૂપણ, છંદોરચના તથા ભાષાની દૃષ્ટિએ અભ્યાસ માટે એમાંથી ઘણી સામગ્રી પ્રાપ્ત થાય છે.

જે બારમાસી–કાવ્યો આજસુધીમાં મળી આવ્યાં છે તેમાંનાં મોટા ભાગનાં જૈન કવિઓનાં છે. તેમાં રાજીમતિના નેમિનાથ માટેના કે કોશાના સ્થૂલિભદ્ર માટેના વિરહનું વર્ણન કરવામાં આવેલું છે. આવા કવિઓમાં ઉદયરત્નનું સ્થાન આગળ પડતું છે. એમનો કવનકાળ સંવત ૧૭૪૯થી ૧૭૯૯નો મનાય છે. તેઓ ખેડાના રહીશ હતા અને ઇતિહાસ, લોકકથા અને ધર્મમાંથી પ્રેરણા લઈને વિવિધ પ્રકારનાં કાવ્યો એમણે રચ્યાં હતાં. તેમાં 'જંબુસ્વામીરાસ,' 'સ્થૂલિભદ્ર રાસ,' 'મલયસુંદરી મહાબલ રાસ,' 'યશોધર રાસ,' લીલાવતી સુમતિવિલાસ રાસ' દીર્ઘ કાવ્યો છે.

ઉદયરત્ને 'નેમિનાથ તેરમાસા' સં. ૧૭૫૯માં ઉનાઉવા ગામમાં રચ્યો હતો. રાજિમતિની નેમિનાથ માટેની વિરહવ્યથાનું તેમાં સચોટ વર્ણન કરવામાં આવ્યું છે. આ રસિક કાવ્ય હજુ અપ્રગટ છે. તેની બે હસ્તપ્રતો વડોદરાના શ્રી આત્મારામ જૈન જ્ઞાનમંદિરમાંથી અને એક હસ્તપ્રતની નકલ બિકાનેરથી શ્રી અગરચંદ નાહટા પાસેથી મળી આવી છે. તેના ઉપરથી તેનું સંશોધન–સંપાદન તૈયાર કરી અત્રે રજુ કર્યું છે, અને અપરિચિત લાગે એવા શબ્દના અર્થ દરેક પૃષ્ઠની નીચે આપ્યા છે

દૂહા

પ્રણમું રે વિજયા-નંદન,[1] ચંદન–શીતલ વાણિ,
મોહન વિશ્વ–વિનોદિની,[2] આપો સેવક જાણિ[3] ૧
યદુકુલ–કમલ-વિકાસન,[4] શાસન જાસ[5] અખંડ,
સ્તવસું ત્રિભુવન–નાયક, લાયક સુખ-કરંડ.[6] ૨

૧. ચૈત્ર

ચૈત્ર માસે ઇમ ચિંતવે રાજુલ હૃદય વિવેક,
સંદેસો શ્રીનેમનો લાવે કો હાથનો લેખ. ૩
તેહને આપું કંકણ કરતણાં, ભામણાં[7] લેઉં નિરધાર,
હાર આપું રે હીયાતણો, માનું મહા ઉપગાર. ૪
પરગજુ રે દયાવર, પરદુઃખ–ભંજણ હાર,
છે કોઇ જે મેલવે આજ શ્રી નેમકુમાર ? ૫

૧. ગણેશ. ૨ સરસ્વતી ૩ જ્ઞાન ૪ નેમિકુમાર ૫ જેનું ૬ ભંડાર ૭ ઓવારણાં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વનવાડી આરામના, કામના કોટિ[૮] તરંગ,
મનમાંહિ રંગ-વિનોદના ઉપજે નવ નવ રંગ. ૬
કુણ આગે[૯] દુખ દાખીએ, ભાખીએ મનનો ભેદ ?
વાહલો વિદેશી થઇ રહ્યો, ઉપજે કોડિ[૧૦] ઉમેદ ! ૭
મનોહર ચાંપા[૧૧] ફૂલ્યા રે, વાયા વાય[૧૨] સુવાય,[૧૩]
પરિમલ લેતાં પુષ્પના ઘટમાં લાગે લાય[૧૪] ૮
કુસુમને આયુધે[૧૫] જે અનૂપે,[૧૬] ઉછર્યો કંદર્પ[૧૭] કોટિ રૂપે,
વિલવલે રાજુલ, વિરહ વાધ્યો, તેમના પ્રેમરથેં[૧૮] મન બાંધ્યો. ૯

## ૨. વૈશાખ

વૈશાખે વનરાજિ રે તાજી વિકસી વંન,
દેખીને દિલ ઉલ્લસે મલવા શામલવંન[૧] ૧
મોહોર્યા દ્રાખના માંડવા, ટોડે નાગરવેલ,
ગુલ્લ પ્રફુલ્લિત મલ્લિકા, ફૂલી રહી ચંબેલ.[૨] ૨
મોગરા મરુઓ[૩] મનોહર, જાઇ જૂઇ જાસૂલ,[૪]
કેતકી કરણી[૫] કેવડી, મચકુંદનું[૬] નહિ મૂલ. ૩
જગિમગિ[૭] અંબ[૮] લુંબી રહ્યા, કેસૂ[૯] ફૂલ્યા વન.
ફૂલ્યા ગુલાબ તે દેખીને જાગે જોર મદન. ૪
વેલિ વાલો[૧૦] નારંગી રે બહુરંગી વસંત,
વેરણ કોયલ-વયણે[૧૧] રે, નયણે નીર ઝરંત. ૫
પરિમલ પુહવી[૧૨] ન માય રે ભમર કરે ગુંજાર,
કહોને સખી ! કિમ[૧૩] વીસરે આ સમે નેમ કુમાર ? ૬
સરોવર સુંદર દીસે રે, ફૂલ્યા કમલના છોડ,
કંત[૧૪] વિના કુણ પૂરે રે, મુઝ મન કેરા કોડ ? ૭
સાહેલડી રંગે રાતિ[૧૫] રે, માતી[૧૬] રમે પિઉ સંગ
અનંગના[૧૭] રંગ તરંગથી વિરહ દાઝે મુઝ અંગ ૮
રતિપતિ[૧૮] આપ લીલા પ્રકાસી, વિરહિણી વિરહને પૂર વાસી;[૧૯]
મદ-છલી માનિની અંગ મોડે.[૨૦] ત્રટત્રટ કંચુકી-બંધ ત્રોડે. ૯

---

૮. કરોડ ૯ કોની આગળ ૧૦ કરોડ ૧૧ ચંપાના છોડ કે ફૂલ ૧૨ વાયુ પવન ૧૩ સારી કે સુંદર ગતિવાળા ૧૪ અગ્નિ ૧૫ શસ્ત્ર, હથિયાર ૧૬ અનુપમે ૧૭ કંદર્પ, કામદેવ ૧૮ પ્રેમથી.

૧ શ્યામ વર્ણના નેમિકુમાર ૨ ચમેલી ૩ એક સુગંધી છોડ, ડમરો ૪ જાસુદ ૫ કરેણ ૬ મુચકુંદ, મોગરો ૭ ઝગઝગે, ઝગે ૮ આંબા ૯ કેસૂડાં ૧૦ સુગંધી વાળો ૧૧ કોયલના વચનથી-ટહુકારથી ૧૨ પૃથ્વીમાં ૧૩ કેમ ૧૪ કંથ પ્રિયતમ. ૧૫ પ્રેમના આનંદમાં રક્ત-ડૂબેલી ૧૬ મત્ત ૧૭ કામદેવના ૧૮ કામદેવ ૧૯ વસી ૨૦ મચકોડે.



For Private And Personal Use Only

## ૩. જેઠ

જેઠ માસે મનમોહન જાણ્યું લેસે શુદ્ધિ;
પુણ્ય વિના કિમ પામીએ યદુપતિની[૧] હિત બુદ્ધિ ? ૧
મેં નવિ[૨] જાણ્યું રે જીવન જાસે ઇમ રથ ફેર[૩]
ફરતાં સહી[૪] આડી ફરી, રાખતી હું રથ ઘેર. ૨
પાલવ ઝાલી પ્રભુ તણો રહેતી હું રઢ[૫] માંડિ,
જાવા ન દેતી નાથને તો કિમ જાતા છાંડિ ?[૬] ૩
પૂરણ પશુએ પોખ્યું[૭] રે પૂરવ ભવનું વેર,
લટકે[૮] શો રથ વાળિઓ[૯] મનમાં નાવી[૧૦] મહેર, ૪
નદીએ જલ વધતાં થયાં. દીરઘ થયા રે દંન,
સરોવર નીર ઘટી ગયાં, જિમ ઘટે વિરહણી-તંન. ૫
ધરણીએ ગાઢપણું ધર્યું, તિમ[૧૧] થયો કંત કઠોર,
હિમાચલ-ગર્ભ ગલા થયા, તરુણિ[૧૨] તપે અતિ જોર. ૬
શોધ્યા ન મલે છાંહડી, લૂનાં લહેરાં વાય,
શીતલ જલ ખડોખલી[૧૩], ઝીલે[૧૪] સહુ ઉછાય[૧૫]. ૭
સૂર્ય હિમાચલ સંગમો પેખ્યો તાપનું પૂર,
કહોને સખી ! કિમ જીવીએ વાહલો વસે મુઝ દૂર ? ૮
અંગના[૧૬] અંગ શીતાંગ સંગે, નર ભજે કાંમિની કુચ રંગે,[૧૭]
મનમથ[૧૮] તાપને દૂર કેડે, પિઉ વિના મુઝને કુણ તેડે ? ૯

## ૪. આષાઢ

નેમજી નાવ્યા[૧] રે હે સખી ! આવ્યો આસાઢ માસ,
આસાઢે ઘરે આવસે મનમાં હુંતી[૨] આસ ૧
ચિહું[૩] દિસે કોરણ[૪] ચડીયાં રે. ગયણ[૫] ન સૂઝે સૂર[૬],
મૃગશિરના[૭] વાયા વાયરા, પાકયાં અંબ સનૂર. ૨
રજ ઉડી અંબર[૮] ચઢે, વાજે વાઉલ[૯] જોર,
કાલી કાંવલ[૧૦] દેખાને કાંપે કાલજ-કોર.[૧૧] ૩
ઉત્તર દિશથી રે ઉનહી[૧૨] સજલ ઘટા ઘન[૧૩] ઘોર,
ગર્જારવ ગયણે[૧૪] સુણી મોલ્યા ચાતક મોર. ૪

---

૧ નેમિકુમારની ૨ નહિ ૩ આમ રથ ફેરવીને ૪ સખી ૫ જિદ ૬ તજી ૭ સીંચ્યું, વધાર્યું ૮ લટકાથી ૯ પાછો વાળ્યો ૧૦ ન આવી ૧૧ તેમ ૧૨ તરુણ સ્ત્રી, સૂર્ય ૧૩ ક્રીડા માટેની વાવ ૧૪ સ્નાન કરે ૧૫ ઉત્સાહથી ૧૬ સ્ત્રી ૧૭ આનંદથી ૧૮ કામ.

૧ ન આવ્યા ૨ હતી આશ ૩ ચારે ૪ આંધી ૫ ગગનમાં ૬ સૂર્ય ૭ મૃગશીર્ષ નક્ષત્રના ૮ આકાશમાં ૯ વાયરા ૧૦ કામળી ૧૧ કાળજાની કોર ૧૨ ઊમટી ૧૩ વાદળો ૧૪ આકાશમાં.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બગ[15]ઋષિ પાવસ[16]બેઠા રે, મુનિજન રહે એક ઠામ,
પંથી પંથ ન કો ચલે, રાજા તજે સંગ્રામ. ૫
ઘાયલ રોગી વિજોગીમાં ત્રિણ્યને[17] દે દુઃખ જોર,
જેણી રતે[18] ત્રિણ જણ સંચરે, ચાકર માગણ ચોર. ૬
ઝડી માંડીને વરસે રે મુશલધારા મેહ.
જિમ જિમ વીજ ઝબૂકે રે તિમ તિમ દાઝે દેહ. ૭
પાણી પુહવી[19] ન માયે રે ભરીયાં નદી–નવાંણ,
ડુંગરિયા હરીયા[20] હુયા,[21] ખેડુએ કર્યા મંડાણ.[22] ૮
નીલાંબર ધરણી ઉપરે નીપના[23] નીલા અંકુર,
ખલહલ વાજે વહોકલા,[24] આવ્યાં નદીએ પૂર. ૯
કસમસે[25] કામિની કામ–પીડી,[26] ડસડસે દંતસું દંત ભીડી,
કામના પૂરમાં તેં તણાઈ, નાથ વિના કહો કુણ હાથ સાહી ?[27] ૧૦

## ૫. શ્રાવણ

શ્રાવણ વરસે રે સરેવડે, જગમાંહિ જલધાર,
વિરહણી નેત્ર તણી પરે ખિણ[1] નવિ ખંચે[2] ધાર. ૧
અવની—અંબર એકઠાં આવી મલિયાં તિમ,
સુરત[3] સંજોગે દંપતી, વૃક્ષ ને વલ્લી જિમ. ૨
જલદ—ઘટાને[4] જોગે રે ન લહ્યો દિવસનો મર્મ,
મુનિજન મનથી ભૂલી ગયા સંધ્યા સમે નિત્યકર્મ. ૩
કુચ ન સમાઇ રે કંચૂઇં,[5] લોચન છંડે લાજ,
જલ ન સમાઇ રે જલાશયે, ગગને ન માંઇ[6] ગાજ[7]. ૪
કંત ન છંડે કાંમિની, પલ પલ વાધે પ્રેમ,
માળો ન મેલે પંખીયા, જોગી આસન જેમ. ૫
પીઉ પીઉ કરતો પોકારીને બેઠો બપૈઓ[9] એહ,
મેં જાણ્યું સાચ્યો વધામણી, જાગ્યો અધિક સનેહ.[10] :
કોયલ કરે રે ટહુકડા, મોર કરે કિંગોર;
વેરીની પેરે[11] પંખીઆ ખિણ ખિણ[12] પાંખે[13] ખાર. ૭

---

૧૫ બગલાં ૧૬ વર્ષાઋતુમાં ૧૭ ત્રણને ૧૮ જે ઋતુમાં ૧૯ પૃથ્વીમાં ૨૦ લીલાં ૨૧ થયા ૨૨ (ખેતીની) શરૂઆત ૨૩ નીપજ્યા ૨૪ વોકળા, મોટા પ્રવાહ ૨૫ દુઃખના અવાજ–હુંકારા કરે ૨૬ કામથી પિડાયેલી ૨૭ પકડે.

૧ ક્ષણ, ૨ ન અટકાવે, ૩ કામક્રીડા, ૪ વાદળાંની ઘટા; ૫ કંચવામાં, કાંચળીમાં, ૬ સમાય, ૭ ગર્જના,–૮ માળો ૯ બપૈયો—એ નામનું પંખી, ૧૦ સ્નેહ, ૧૧ જેમ, ૧૨ ક્ષણે ક્ષણે, ૧૩ સીંચે, ફરે.



For Private And Personal Use Only

મનમાંહી મહા દુખ લાગે રે દાદુરના[14] સુણી સાદ,
જોને સખા ! મુઝ નયણલે[15] મેહરયૂ[16] માંડયો વાદ.[17] ૮
મનમથે મોહની ફોજ લેઇ, મર્જનારૂપ રણુતૂર[18] દેઇ,
અબલગઢ[19] ઉપરે ફોજ દોડે. નેમ વિના કહો કુણ માન મોડે ![20] ૯

## ૬. ભાદરવો

વૃક્ષ લતા નવપલ્લવ નીલાં હરિનાં પુર,
ભાદવે ભૂંઇ[1] નીલી રે, સોભા અજબ સનૂર[2] ૧
પચરંગી નભ દીસે રે, હીંસે[3] નીલાં તૃણુ,
ખિણુ કાલો[4] ખિણુ રાતો રે, ખિણુ ઉજલો દૂધવર્ણુ. ૨
વાદલ વીજ ન માએ[5] રે જલ ન માએ આભ,
નદીએ નીર ઉવટ[6] વહે, જોર ગલ્યા જલગાભ.[7] ૩
ચરણે નેઉર[8] રણઝણે હીઇ[9] લહેકે હાર,
નાહ[10] ન મુકે છેડલો, ધન્ય તેહનો અવતાર. ૪
ચતુર કથા રસરસીયાં રે, નર-નારી મન મોદ,[11]
પંડિતને મુખે નવનવા સાંભલે શાસ્ત્ર-વિનોદ. ૫
ભીલડીને મુખ સોહે રે, વનમાં રાગ મલ્હાર,
પોપટ બોલે પંજરે, કો રમે ચોપટ[12] સાર.[13] ૬
સાલતણી પરે[14] સાલે[15] રે, હીયડે પ્રીતમ-હેજ,[16]
ભવન ભયંકર લાગે રે. સૂલી[17] સમ થાઇ સેજ.[18] ૭
ધીરજ જીવ ધરે નહીં, ઉદક[19] ન ભાવે અન્ન,
પંજરડુ[20] ભૂલું ભમે, નેમસ્યુ[21] બાંધ્યુ મન્ન. ૮
ભાદવે ભામિની[22] કંત ભાવે, પીઉ વિના જામિની[23] કુણ જગાવે !
એકલાં આલસે અંગ ફૂટે, રાક્ષસી રાત તે કેમ ખૂટે ! ૯

## ૭. આસો

વાહલે રે વલણ[1] કર્યું નહીં, આવ્યો આસો માસ,
શરદની રાત સોહામણી, કામિની ખેલે રાસ. ૧
નીર નવાણે[2] નીતર્યાં, ઔષધિ પાકી વન્ન,[3]
પીલી થઇ રે વસુંધરા, પૂરણુ પાકયાં અન્ન. ૨

---

૧૪ દેડકાંના, ૧૫ આંખોએ, ૧૬ વરસાદ સાથે, ૧૭ હરીફાઇ, ૧૮ યુદ્ધમાં વગાડવામાં આવતાં મુખવાદ્ય, ૧૯ અબળાઓના ગઢ, ૨૦ સ્ત્રીઓના મદનો નાશ કરે.

૧ ભૂમિ ૨ પ્રકાશિત, તેજસ્વી ૩ આનંદથી ડોલે ૪ કાળો ૫ સમાય ૬ અવળાં ૭ જળનો ગર્ભ ૮ ઝાંઝર ૯ હૈયા ઉપર ૧૦ નાથ, પતિ ૧૧ આનંદ ૧૨ સોગઠાંબાજી, ચોપાટની રમત ૧૩ સુંદર ૧૪ શૂળની જેમ ૧૫ દુઃખ દે ૧૬ હેત ૧૭ શૂળી ૧૮ પથારી ૧૯ પાણી ૨૦ પીંજરું, પીંજરા જેવું શરીર ૨૧ નેમિનાથ સાથે ૨૨ ભામિનીને ૨૩ રાત્રિ.

૧ પાછાં ફરવું. ૨ તળાવમાં ૩ વનમાં.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંબજલબિંદુએ સોહે રે જિમ જુવતી સુરકાંતિ,[4]
ઓસ કણ બિંદુ[5] ઉપરે, તિમ અવનીએ કાંતિ[6] ૩
શરદનિશાની ચંદ્રિકા, આપે અધિક ઉજાસ,
હંસ ન દેખે હંસલી ચંદ્રતણે પરકાસ.[7] ૪
જિણિ રતે[8] મોતી નીપજે છીપ સમુદ્ર માંહિ,
તિણિ રતે[9] કંત-વિજોગીયાં,[10] ખિણ વરસાં સો[11] થાઇ ૫
ઘરિ ઘરિ[12] દીપ દીવાલી રે, બાલી[13] ગરબો ગાય,
પહિરણ[14] પીત પટોલી[15] રે, ભોલી[16] કેસર માંહિ. ૬
સેજ[17] સંજોગે રણઝણે નવલા નૂપુર-નાદ,[18]
કંત વિના સર્વ સૂનું રે મુઝ મનનો વિખવાદ ? ૭
જોબન-જલનિધિ ઉલટયો, પ્રગટી રતનની રાશિ,[19]
નાથ વિના સર્વ સૂનું રે, આપું કેહને[20] ઉલ્લાસ ? ૮
કંત-સંયોગિની કુસુમ-સેજે સુંદરી સહુ રમે દિવ્ય હેજે,[21]
મેદનીમાં[22] રઢા મેહ વરસી, ટલવલે રાજુલ નેમ-તરસી. ૯

## ૮. કાર્તિક

કાર્તિક કાલજ[1] કાપે રે, વ્યાપે મદન વિશેખ,[2]
વિધાતા[3] નેમ-વિજોગના લખાયા નીલવટ[4] લેખ. ૧
વનમાંહિ વેલડી ફૂલી રે, થયા મારગ શુદ્ધ,
નદીએ નીર નિરમલ થયાં, કુમુદ[5] ફુલ્યાં જલ મધ્ય. ૨
પંખી પ્રયાણ-વસેં[6] થયાં, ન રહે મુઝ મન ઠાય,[7]
પંખ[8] હોયે તો ઉડી મલું, ભેટું યાદવરાય. ૩
પાઉ જોવાને અલજ્યાં[9] નયણ સલૂણાં[10] હોય,[11]
વાહલાને વિરહેં કરી રાતાં થયાં રોય.[12] ૪
સોલ કલા લેઇ આજુનો[13] ઉગ્યો પૂનમ-ચંદ,
વિરહનું ઝેહેર વધારવા એ સહી[14] વિષનો કંદ.[15] ૫
મુખ નિસાસા રે મેલતાં રાત ન ખૂટ રેખ,[16],
ચંદ્ર[17]-રથ થંભી રહ્યો, મોજો મુઝ મુખ દેખ[18]. ૬

---

૪ કામકીડાને અંતે ૫ ઝાકળના બિંદુ ૬ શોભા ૭ પ્રકાશમાં ૮ જે ઋતુમાં ૯ તે ઋતુમાં ૧૦ કંથથી વિયોગ સહન કરનારાંને ૧૧ વરસ ૧૨ ઘેર ઘેર ૧૩ બાલિકા ૧૪ પહેરવેશમાં ૧૫ પટોળા ૧૬ ભોળથી ૧૭ પથારીમાં ૧૮ ઝાંઝરના અવાજ ૧૯ ભંડાર ૨૦ કોને ૨૧ હેતે ૨૨ પૃથ્વીમાં.

૧ કાળજું ૨ વિશેષ, ઘણો ૩ વિધાતાએ ૪ કપાળમાં ૫ પોયણાં ૬ પ્રમાણને વશ ૭ ઠેકાણે ૮ પાંખ ૯ ઉત્કંઠ ૧૦ સુંદર ૧૧ અંતે ૧૨ રોઇને ૧૩ આજને ૧૪ નક્કી ૧૫ સમૂહ ૧૬ રેખા જેટલી, લેશ પણ ૧૭ ચંદ્ર ૧૮ દેખીને.



For Private And Personal Use Only

ભૂષણ[૧૯] દૂષણ લાગે રે, ન ગમે રાગ રસાલ,
દીવા સાહમું દેખતાં, આંખિમાં[૨૦] ઉઠે ઝાલ[૨૧]. ૭
રાજુલ રજની નીગમી[૨૨] પ્રગટયો પ્રાચિ[૨૩] દીણંદ[૨૪],
વાછરના બંધ છૂટયા રે, પડયા વલોણે બંધ[૨૫]. ૮
ઘરિ ઘરિ મહીના[૨૬] માટ[૨૭] ઘૂમે, મુનિજન જાપસુ[૨૮] પાપ ગમે,[૨૯]
પ્રેમદા પ્રાતનાં ગીત ગાય[૩૦] રણઝણે ઘંટ ને નૃત્ય થાય.[૩૧] ૯

૯. માગશિર

માગશિર માસે રે માનિની ઉભી મારગ માંહિ,
ચંદ્રમુખી ચિત્ત ચાહે રે મલવા શ્રી યદુરાય. ૧
ટાઢિ[૧] ટમકી રે આંગણે, નેમજી નાવ્યા રે ઘેર,
હુંસ[૨] હીયામાં[૩] ઉપજે, સી કરસ્યું હવે પેર[૪] ૨
પંજર[૫] પગ માંડે નહીં, સિથલ[૬] થયાં સંધાણ,[૭]
નેમ વિના ઘટમાં સખી! કિમ રહેસ્યે[૮] આ પ્રાણ? ૩
વાયસને[૯] કરૂં વીનતી, સુણો સ્વામી દ્વિજરાજ![૧૦]
જો પીઉ દેખું આવતો, ઉડી બેસો આજ. ૪
રૂપે મઢાવુ રે પાંખડી[૧૧] સોને મઢાવું ચાંચ,
લાવજો પીઉનો સંદેસડો, અવધ[૧૨] અંપું દિન પંચ. ૫
શ્રીફલ ફોફલ[૧૩] લેઈને જોસીને પુછવા જાય,
કબ[૧૪] આવે મુઝ નાહલો?[૧૫] કહો સ્વામી! સમઝાય. ૬
જોસી જોઈ કહે ટીપણું, વિચમાં[૧૬] દીસે વિલંબ,
પ્રસ કીને ધરણી[૧૭] પડે, દૈવને દે ઉલંભ.[૧૮] ૭
જોસી-વચન[૧૯] તિમ લાગું[૨૦] રે દાધા[૨૧] ઉપરિ જિમ લુણ.[૨૨]
ઘડી-ઘડીને અંતરે ફરી ફરી જોય સુણ.[૨૩] ૮
મોહલમાં[૨૪] એકલી દેખી નારી કંદપે[૨૫] કામિની બાણ મારી,
નેમજી નેમજી વદન ભાખે, હાર શૃંગાર સવિ[૨૬] દૂરિ[૨૭] નાખે. ૯

૧૦. પોષ

પોસે પ્રેમ સવાયો રે, વાયો ઉત્તર[૧] વાય,
પુરૂષ ન છંડે[૨] પયોધર, નારી ન છંડે નાહ. ૧

---

૧૯ આભૂષણ, ૨૦ આંખમાં, ૨૧ ઝાળ, જવાળા, ૨૨ વિતાવી, ૨૩ પૂર્વ દિશામાં, ૨૪ સૂર્ય, ૨૫ દોરડાં, ૨૬ દહીનાં, ૨૭ માટલાં, ૨૮ જાપ વડે, ૨૯ દૂર કરે, ૩૦ ગાય છે, ૩૧ થાય છે.

૧ ટાઢ, ૨ હોંશ, ૩ હૈયામાં, ૪ રીત, યુક્તિ, ૫ પીંજરા જેવું શરીર, ૬ શિથિલ, ઢીલાં, ૭ સાંધા, ૮ કેમ રહેશે, ૯ કાગડાને, ૧૦ શ્રેષ્ઠ પંખી, ૧૧ પાંખ, ૧૨ મર્યાદા ૧૩ સોપારી, ૧૪ ક્યારે, ૧૫ નાથ, પતિ, ૧૬ વચમાં, ૧૭ જમીન ઉપર, ૧૮ ઉપાલંભ, ઠપકો, ૧૯ જોષીનું વચન, ૨૦ લાગ્યું, ૨૧ દાઝયા, ૨૨ મીઠું, નમક, ૨૩ સાંભળે છે, ૨૪ મહેલમાં, ૨૫ કામદેવે, ૨૬ સર્વે, ૨૭ દૂર.

૧ ઉત્તર દિશાનો, ૨ તજે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોગી ભવન ન છંડે રે, બિલ[3] ન છંડે ભુયંગ,[4]
નદીયે નીર ઘટી ગયા, વાધ્યા હિમાચલ-શૃંગ. ૨
દિવસ થયા અતિ નાના રે, વાધી[5] વેરણ રાત,
નીગમતાં નીઠે[6] નહીં, કાલી[7] એ કમજાત. ૩
આંખ થઇ ઉતાવલી જોવા જાદવ – ઇંદ,
પાસાં[8] ઘસતાં પલંગસ્યું[9] પલક ન પાવે[10] નિંદ. ૪
તનમન મલીઆં રે દંપતી આણી હરખ અપાર,
સીત – પરાભવ[11] પેખી રે થયાં એકાકાર. ૫
ભૂષણ ન ગમે રે ભામિની[12] સેજડી સૂલી થાય,
કંચુકીની કસ[13] કસતાં[14] રે તાપ ઉઠે તન માંહિ. ૬
આંખે કાજલ નવિ ગમે[15] હીયે ન ગમે હાર,
તંબોલ[16] ફૂલ તલાઇ[17] રે ન ગમે મનિ નિરધાર. ૭
શીતકાલે જે સુંદરી નાહ વિના નિરધાર,[18]
નાગરવેલ તણી પરે અફલ[19] તેહનો અવતાર. ૮
વાલમની જોઉં વાટડી ઉંચી ચડી આવાસ,
હજુ સંદેશો ન મોકલ્યો, વહી ગયા દસ માસ. ૯
સહિયરો ! નેમને કો મનાવો, સ્વામી સમઝાવીને વેગે લાવો,
જઈ જદુનાથને ઇમ ભાખો,[20] નવ ભવની પીઉ ! પ્રીત દાખો. ૧૦

## ૧૧. માહ

માહ માસે મન મોહ્યું રે મિલવા[1] શિવાદેવી-તંન[2],
હાલ્યો હિમાલો હે સખી ! બાલવા નીલાં વંન. ૧
સરોવર કમલ સોહામણાં હેમે[3] બાલ્યાં જેહ,
વિરહિણીના મુખની પરે[4] ઝાંખા થયા તેહ. ૨
અંબ થયા નવપલ્લવ, પસર્યાં મંજર-પૂર,[5]
કંત – સંજોગે ઉલ્લસે જિમ સોહામણ – ઉર. ૩
નીર નવાણે જામી રહ્યાં, જામ્યા જલના કુંભ,
શીત સરોવરિ બૂડતાં આપે કુણ અવલંબ ?[6] ૪
નાથ નથી મોરે મંદિરે પીડે છે પંચબાણ,[7]
અબલા ઉપર શૂરો એ પાપી લેસે પ્રાણ. ૫

---

૩ દર, ૪ સાપ, ભુજંગ, ૫ વધી, લાંબી થઇ, ૬ ખૂટે, ૭ કાળી, કાળા રંગની, ૮ પડખાં, ૯ પલંગ સાથે, પલંગમાં, ૧૦ મેળવે, ૧૧ ઠંડીનો પરાજય, ૧૨ ભામિનીને, ૧૩ બાંધવાની દોરી, ૧૪ એ ચીજે બાંધતાં, ૧૫ પસંદ પડે, ૧૬ નાગરવેલનાં પાન, ૧૭ તળાઈ, ૧૮ આધાર વિનાની, ૧૯ અફળ, નિષ્ફળ, ૨૦ એમ કહો.

૧ મળવા, ૨ નેમિકુમાર ૩ હિમે, ૪ જેમ, ૫ મંજરી-મહોરનાં પૂર, ૬ ટેકો, ૭ કામદેવ.



For Private And Personal Use Only

મધ્ય નિશા સમે માનિની સુપનમાં[8] દેખે નાથ,
જાણ્યૂં જીવન ઘરે આવ્યો રે, ઝાલ્યા બે મુઝ હાથ. ૬
મનસ્યું[9] મહા સુખ ઉપનું, વિલગી રહી પીઉ-કંઠ,
સુરત-સંજોગતણે રસે પડી પ્રેમની ગાંઠિ. ૭
નયણ ઉઘાડીને નિરખતાં પાસ ન દીઠો નાથ,
હે હે દૈવ કસ્યું[10] કર્યું ! મસ્તકિ[11] દીધો હાથ. ૮
સુપન-સંજોગથી દુખ ધરતી, વલી વલી મુખથી હાય કરતી,
ચાંદ્રણી[12] દેખીને દરદ થાઇ, નેમ વિના સહિ ! [13]પ્રાણ જાઇ. ૯

## ૧૨. ફાલ્ગુન

ભોલી ટોલી સવિ મલી, ફાગુણ ખેલે ફાગ,
કહૂ કહૂ કૂજે કોકિલા, બોલે પંચમ રાગ. ૧
રંગભર રમણી રાતી રે, રાતો કેસર-ઘોલ,
રાતા સાળુ ઓઢણે, રાતા અધર તંબોળ. ૨
અબીર ગુલાલ ઉડે બહુ, રાતી થઈ તિણિ વાટિ,[1]
કુંકુમજલ ભરી પચરકી[2] છાંટે રાતી છાંટિ. ૩
ફાગુણના દિન ફૂટડા,[3] ફૂલો રહ્યો વસંત,
સરખાસરખી ટોલી રે હોલી ખેલે ખંત. ૪
વાજાં વાજે વસંતનાં, ડફ કાંસી ને તાલ,
ઘરિ ઘરિ રંગ વધામણાં, ઘરિ ઘરિ મંગલ માલ. ૫
આંખડલી અણીઆલી રે, કાલી કાજલરેખ,
નેમ વિના ઓપે નહી, ફાટે ફૂલડાં દેખ. ૬
વાહલા-વિજોગે વિરહિણી સુપના દેખી સલ,
દિન ગણવાને તે વલી દેહલી[4] મેહલે ફૂલ. ૭
આજુનો દિન રલીયામણો, વામ[5] ફરકે નયણ,
ડાબૂં રતન ફરકે વલી, સહી ! મલસ્યે મુઝ સયણ[6] ૮
ગગનમંડલ માંહિ ગાજે રે દુંદુભિનાદ અપાર,
સહસા વનમાં સંચર્યા સ્વામી શ્રી ગિરનારિ. ૯
રાજુલ નેમને જઇ મલી ઉલટ[7] આણી અંગિ,
ભગવંત માંહિ ભલી ગઈ, સમુદ્ર મલી જિમ ગંગ. ૧૦
વિજોગ તણાં દુઃખ વિસર્યાં, ભાગ્યો ભવનો ફંદ,
આણંદ રંગ-વધામણાં, પામી પરમ આણંદ. ૧૧

---

૮ સ્વપ્નમાં. ૯ મનશું, મનમાં ૧૦ કેવું, શું ૧૧ મસ્તકે ૧૨ ચાંદની ૧૩ સખી.

૧ તેનાથી વાટ-રસ્તો રાતા રંગનો થયો ૨ પિચકારી ૩ સુંદર ૪ ઉંબરમાં ૫ ડાબું ૬ પ્રિયતમ ૭ ઉમંગ, હોંશ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નેમ પહિલી[૮] જઇ મુગતિ[૯] બેઠી, સાસ્વતા[૧૦]સુખમાં તેહ પેઠી,
ઉદયરતન કહે ભવ્ય પ્રાણી ! [૧૧]જિનગુણ ગાઇઇ[૧૨]લાભ જાણી. ૧૨

બારે માસે બહેનડી ! જિમતિમ[૧] કાઢ્યા તેહ,
આવી લાગો તેરમો, કિમ જાસ્યે હવે તેહ ? ૧
ધાક ઉપરિ પલેવણું[૨], ભરતાં માર્યાં જેમ,
ખાત્ર[૩] ઉપર જિમ દીવડો, એ પણ જાણો તેમ. ૨
દુબલી[૪] વાડે છીંડું પડયુ, જિમ સીઆલે[૫] ઠેસ,
એ પણ તિમ થયો સહી ! હથેલીમાં કેશ. ૩
સંખણી ને આંખે કાણી રે, નિરધન ને બકે હોડ,[૬]
કાદવ ને કાંટાલા રે પાલો[૭] ને પગ ખોડ. ૪
અકરમી ને ઉના–જિમણો[૮]રે, વીરૂઆ[૯] વલી વાંઝ,[૧૦]
અણમાનીતી ને ઉછાંછલી, તે જિમ આણે વાજ[૧૧] ૫
કરવરું[૧૨]ને તીડે ખાધું રે, ભાંડ ને ભરવો દંડ,
એ પણ તિમ વલી જાણવો, પ્રાણ ધરે કિમ પિંડ ! ૬
એક દુખ તે પાઉ વેગલો, બીજું સુખ આવે હાસ,
જોજ્યો[૧૩] પુણ્ય પટંતરો ઉપર અધિકો માસ ૭
નેમ–રાજુલ બે મિલ્યાં દૂર ગયો દુખદાહ,
ભાગો[૧૪] ભવનો આંમલો[૧૫] અધિક થયો ઉછાહ.[૧૬] ૮
ભૂ[૧૭] ઋષિ[૧૮] ભૂત[૧૯] નંદજુત[૨૦] સંવત્સરનું માન,
શ્રાવણ સુદિ પુન્યમ સસી, ઉનાઉવા સુભ સ્થાન. ૯

કલશ

ઉદયરત્ને કહ્યા તેર માસા નેમ નામે ફલી સકલ આશા,
વસંત રાગે કરી જેહ ગાઇ તસ[૨૧]ઘરિ સંપદા અચલ થાઇ. ૧૦

---

૮ પહેલી ૯ મુક્તિ ૧૦ શાશ્વત ૧૧ મુક્તિ પામવાનાં નિર્માણવાળાં પ્રાણીઓ ૧૨ ગાઇએ, ગાઓ.

૧ જેમતેમ, ૨ આગ કે બળતું ૩ ખાતર ૪ દૂબળી ૫ શિયાળામાં ઠંડીમાં ૬ શરત મારે ૭ પગે ચાલનારો ૮ ઊનું જમનારો ૯ કદરૂપી ૧૦ વાંઝણી, વંધ્યા ૧૧ પીડા ૧૨ નબળું ૧૩ જોજો ૧૪ ભાગ્યો, નાસી ગયો ૧૫ મુસીબત ૧૬ ઉત્સાહ, આનંદ ૧૭ એક ૧૮ સાત ૧૯ પાંચ ૨૦ નવ યુક્ત ૨૧ તેના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન પાના ૧૨૪નું ચાલુ )

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિશે પ્રકાશ કરો અને જન્મ-મરણાદિના બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ ! નિવૃત્તિ થાઓ !

હે જીવ ! આ ક્લેશરૂપ સંસારથી વિરામ પામ, વિરામ પામ; કાંઇક વિચાર, પ્રમાદ છોડી જાગ્રત થા ! જાગ્રત થા ! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ( અંક ૫૦૫ ).

અને સર્વ દુઃખના ક્ષય ઉપાયરૂપ આ વીતરાગનો ધર્મ અચિંત્યચિંતામણિ છે એટલે જ આ પરમ અદ્દ્ભુત, પરમ અમૃત સર્વોત્કૃષ્ટ શાશ્વત અચિંત્ય ચિંતામણિ વીતરાગ ધર્મનો દૃઢ પરમાર્થ-રંગ ધર્મમૂર્તિ શ્રીમદ્‌ના આત્માના પ્રદેશે પ્રદેશે લાગ્યો હતો; એટલે જ ગુણસ્થાનકમે માર્ગઆરોહણમાં પરમ અવલંબનભૂત સત્પુરુષના વીતરાગ વચનામૃતનો, સત્પુરુષની વીતરાગમુદ્રાનો, અને સત્પુરુષના વીતરાગ સમાગમનો મહાપ્રભાવ સત્પુરુષ શ્રીમદ્‌ના આત્મામાં જાગ્યો હતો, એટલે જ આ સર્વોત્કૃષ્ટ શાંતરસપ્રધાન માર્ગના, તેનાં મૂળ સર્વજ્ઞદેવના અને તે શાંતરસ સુપ્રતીત કરાવનારા સદ્‌ગુરુ દેવના પરમ ઉપકાર પ્રત્યે પરમ શાંતમૂર્તિ શ્રીમદ્‌ના અંતરમાં પરમ પ્રેમસિંધુ ઉલ્લસ્યો હતો; અને એટલે જ આવા પરમ વિશ્વોપકારી પરમ જ્ઞાનીઓના સનાતન શાશ્વત સન્માર્ગ પ્રત્યે શ્રીમદ્‌ના હૃદયમાં પરમ આત્મભાવોલ્લાસ વિલસ્યો હતો અને એટલે જ પરમ જ્ઞાનમૂર્તિ શ્રીમદ્‌ના પરમ ભાવનાશીલ હૃદયમાં આવો સર્વોત્કૃષ્ટ અચિંત્ય ચિંતામણિ વીતરાગધર્મ—જ્ઞાનીઓનો સનાતન—સન્માર્ગ સર્વદા જયવંત વર્તો એવી પરમ ઊર્મિપ્રધાન ભાવના ઉલ્લસતી હતી અને તે ભાવના ઉદ્‌ઘોષતા આ જ્ઞાનીઓના સનાતન માર્ગનો જયજયકાર પોકારતા આ જયજયકાર સૂત્રો ભાવિતાત્મા શ્રીમદ્‌ના હૃદયમાંથી નીકળી પડતા હતા.

'શ્રીમદ્ વીતરાગ ભગવંતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિસ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્દ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃતસ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો.' ( અં. ૮૪૩ )

'અહો સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્‌સમાગમ ! સુષુપ્ત ચેતનને જાગ્રત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત; છેલ્લે અયોગી સ્વભાવ પ્રકટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર ! ત્રિકાળ જયવંત વર્તો ! ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ' ( અંક ૮૭૫ ).

'અહો ! સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ—અહો ! સર્વોત્કૃષ્ટ શાંતરસપ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવ—અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતીત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્‌ગુરુદેવ-આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો, જયવંત વર્તો.' હાથનોંધ ( ૩.૫૨ ).

'જ્ઞાનીઓનો સનાતન સન્માર્ગ જયવંત વર્તો.' ( અં. ૯૫૨ ).

જ્ઞાનીઓના સનાતન સન્માર્ગનો જયજયકાર ઉદ્‌ઘોષતા આ છેલ્લા ચાર જયજયકાર સૂત્રો તો પરમ ભાવિતાત્મા રાજચંદ્રનો પણ યાવચ્ચંદ્ર-દિવાકરૌ ત્રિકાળ જયજયકાર ઉદ્‌ઘોષે છે !

(ડૉ. શ્રી ભગવાનદાસ મનસુખભાઇ કૃત 'અધ્યાત્મ રાજચંદ્ર' ગ્રંથમાંથી અલ્પમાં અલ્પ અવતરણો સાભાર ઉદ્ધૃત જિજ્ઞાસુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## ઇનામી સમારંભ

શ્રી જૈન શ્વે મૂ. તપાસંઘની ધાર્મિક શિક્ષણ સમિતિ તરફથી લેવાયેલી વાર્ષિક ધાર્મિક પરીક્ષામાં ઇનામ મેળવનાર ભાઇ–બહેનોને ઇનામ આપવા માટે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજશ્રી તથા પં. મ અવદાતવિજયજી મહારાજ તથા પં. મ. નીતિપ્રભવિજયજી મહારાજની નિશ્રામાં શેઠ શ્રી ખીમચંદભાઇ ચાંપશીભાઇ શાહના વરદહસ્તે ઇનામો આપવા માટે એક સમારંભ, તારીખ ૨૭–૪–૬૯ને વૈશાખ શુદિ દસમને રવિવારે સવારના ૯–૩૦ કલાકે શ્રી નૂતન ઉપાશ્રયે, રાખવામાં આવ્યો હતો. પરીક્ષામાં કુલ ૮૨૬ વિદ્યાર્થી ભાઇ–બહેનો બેઠાં હતાં જેમાં સારા માર્કે ઉત્તીર્ણ થયેલા ૪૧૬ ભાઇ–બહેનોને, રૂા. ૧૦૦૦ની કીંમતના ઈનામો આપવામાં આવ્યા હતા.

# સ્વર્ગવાસ નોંધ

## વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ

ભાવનગરનિવાસી વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ વૈશાખ સુદી ૬ બુધવાર તા. ૨૩–૪–૬૯ના રોજ ૮૭ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ લેતાં અમો ઘણી દિલગીરી અનુભવીએ છીએ. તેઓ સ્વભાવે મીલનસાર અને ખૂબ ધર્મપ્રેમી હતા અને સભા પ્રત્યે ઘણી જ લાગણી ધરાવતા હતા. તેઓ સભાના આજીવન સભ્ય હતા. તેમજ તેઓ સભાની કાર્યવાહક કમિટીના સભ્ય તરીકે ઘણા વર્ષો સુધી હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાથના કરીએ છીએ.

## શ્રી વિજકોરબેન જાદવજી

આ સભાના માનદ મંત્રી શ્રીયુત્ જાદવજીભાઇ ઝવેરભાઇના ધર્મપત્નિ શ્રી વિજકોરબેનના વૈશાખ શુદ ૧૪ ગુરૂવારે થયેલ દુઃખદ અવસાનની નોંધ લેતા અમો દિલગીરી વ્યકત કરીએ છીએ.

વિજકોરબેનનો જન્મ, વલભીપુર ખાતે, સંસ્કાર પ્રેમી મહેતા દુર્લભદાસ ગુલાબચંદને ત્યાં થયેલ એટલે મુળથી જ તેઓને ધાર્મિક સંસ્કારો મળ્યા હતા, તેમના લગ્ન ધર્મપ્રેમી ઝવેરભાઇ ભાઇચંદના પુત્ર જાદવજીભાઇ સાથે થતાં ધાર્મિક સંસ્કારો તેમનામાં ખીલતા આવ્યા, તેમણે છ કર્મગ્રંથ સુધી અભ્યાસ કરેલ, શિખરજી આદિ તીર્થોની યાત્રા કરેલ અને નિરંતર પૂજા પ્રતિક્રમણાદિ કરવાનું ચૂકતા નહિ. પૂ. સાધ્વીજીના મુખેથી માંગલીક સાંભળતા સાંભળતા, તેમણે છેલ્લો શ્વાસ લીધો.

મૃત્યુ સમયની તેઓશ્રીની ઇચ્છાને માન આપીને તેઓશ્રીના ચક્ષુનું દાન કરવામાં આવ્યુ હતુ. સદ્‌ગતના કુટુંબીજનો પર આવી પડેલ આ દુઃખ માટે અમો સમવેદના વ્યકત કરીએ છીએ અને સદ્‌ગતના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય–સમાલોચના

**શ્રીમદ્ રાજચંદ્ર જીવન-સાધના**—લેખકઃ–મુકુલભાઈ કલાર્થી. પ્રકાશકઃ-શ્રીમદ્ રાજચંદ્ર જન્મ શતાબ્દી મંડળ, શ્રી રાજચંદ્ર પાઠશાળા, પંચભાઈની પોળ, અમદાવાદ. મૂલ્યઃ–રૂા. ૧–૨૫.

આ પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્રનું જીવન સુંદર અને સરળ ભાષામાં આલેખાયેલું છે. શ્રી. રસિકભાઈ પરીખ કહે છે તેમ, "શ્રી મુકુલભાઈએ શ્રીમદ્જીના લૌકિક જીવનના પ્રસંગો અને ઘટનાઓ સાદી, સ્વચ્છ અને મધુર ભાષામાં નિરખ્યા છે. એમના આંતરજીવનના લોકોત્તર અનુભવો એમણે ટાળ્યા નથી પણ સ્વસ્થતાથી નિરખ્યા છે.

એની પાછળના વસ્તુ સત્યનું વિવેચન કરવું એ કોઈ પણ લેખકની મર્યાદા બહારની બાબત છે. સિવાય કે પોતે એ લોકોત્તર માર્ગનો વિહારી હોય એટલે આવા કોઈ ગજા બહારના ઉહાપોહમાં પડયા વિના શ્રીમદ્જીના લખાણોના આધારે અને તેમના સમાગમમાં આવેલી વ્યક્તિઓના કથનના આધારે શ્રી મુકુલભાઈએ યથોચિત નિરૂપણ કર્યું છે."

શ્રીમદ્ના પોતાના શબ્દોમાં જીવનનો સાર કહીએ તો, "આત્મશાંતિ એ જિંદગીનો ધ્રુવકાંટો છે. તે જીંદગી ગમે તો એકાકી અને નિર્ધન અને નિર્વસ્ત્ર હોય તો પણ પરમ સમાધિનું સ્થાન છે.

લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ પરિવારાદિ યોગવાળી હોય તો પણ દુઃખનો જ હેતુ છે."

**શ્રીમદ્ રાજચંદ્ર ઉપદેશછાયાઃ**—પ્રકાશકઃ-શ્રીમદ્ રાજચંદ્ર જન્મશતાબ્દી મંડળ, શ્રી રાજચંદ્ર પાઠશાળા, પંચભાઈની પોળ, અમદાવાદ મૂલ્ય ૦–૭૦ પૈસા

શ્રીમદ્ રાજચંદ્રની કલ્યાણમય ઉપદેશવાણીની નોંધ આ 'ઉપદેશ છાયા' છે. ઉપદેશછાયાના વાચનથી જણાશે કે શ્રીમદ્ની ઉપદેશભાષા સરળ છતાં સચોટ અને અસરકારક છે. એમને પૂછાયેલા પ્રશ્નોનો નિડરતાથી આપેલ સત્ય અને આત્મહિતકારી ઉકેલ ને જવાબો એમના બોધમાં તરવરી રહે છે આત્મહિત થાય એવી રીતે તે તે સમયના ચર્ચાતા પ્રશ્નો વિચારવાની દૃષ્ટિ એમના બોધમાં આપણને મળી રહે છે દૃષ્ટાંતો અને મહાપુરુષોના ચારિત્રોમાંના ઉલ્લેખોથી એમનો ઉપદેશ સભર હોવાથી સરળતાથી સમજાય અને યાદ રહી જાય એવો છે.

**શ્રીમદ્ રાજચંદ્ર શ્રી સોભાગ પ્રત્યે પત્રો**—પ્રકાશકઃ–શ્રીમદ્ રાજચંદ્ર જન્મશતાબ્દી મંડળ, શ્રીમદ્ રાજચંદ્ર પાઠશાળા, પંચભાઈની પોળ, અમદાવાદ. મૂલ્ય રૂા. ૨–૦૦

શ્રીમદ્ના શ્રી સોભાગ પ્રત્યેના પત્રોનું આ પ્રકાશન શ્રીમદ્ના બોધ સમાગમ અને પત્રોથી શ્રી સોભાગની આંતરદશાનું, વિશુદ્ધિની પ્રગતિનું સળંગ સુરેખ ચિત્ર આપે છે તેમજ આ પ્રકાશન શ્રીમદ્ની સુદૃઢ આત્મસ્થિતિ સ્પષ્ટ સદ્વિવેકપૂર્ણ વિચારશ્રેણી અને અનુભવજ્ઞાનની એમ અનેક શક્તિઓનું આપણને દર્શન આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. No G. 49

# વિનંતિ

જૈન સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં આ સભા છેલ્લા ૭૦ વરસ ઉપરાંતથી પોતાનાથી બનતી સેવા કરી રહી છે

આ સભા તરફથી શ્રી આત્માનંદ જૈન સંસ્કૃત ગ્રંથ રત્નમાળા તથા શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા ચાલે છે અને તે દ્વારા આજ સુધીમાં લગભગ બસો કિંમતી ગ્રંથોનું સભાએ પ્રકાશન કર્યું છે અને તેનો પ્રચાર ભારત અને ભારત બહારના દેશોમાં થયો છે. અનેક વિદ્વાનોએ આ કિંમતી પ્રકાશનોને પ્રેમપૂર્વક સત્કાર્યા છે.

આ ઉપરાંત સભા શિક્ષણ પ્રચાર અને ગુરુભક્તિ નિમિત્તે સમયોચિત સેવા કરી રહેલ છે.

સંસ્થાની આ પ્રવૃત્તિથી આકર્ષાઇને ભારતભરના અનેક ગૃહસ્થોએ પોતાનું નામ સંસ્થાના પેટ્રન, આજીવન સભ્ય કે સભ્ય તરીકે આ સંસ્થા સાથે જોડીને પોતાનો સહકાર આપ્યો છે. સભાને માટે એ ગૌરવનો વિષય છે.

સભા હજુ આજની જરૂરિયાતને પહોંચી વળવા માટે બનતી સાહિત્ય સેવા કરવા માગે છે.

આપ આ સંસ્થામાં ન જોડાયા હો તો આપને નમ્ર વિનંતિ કે સભાના પેટ્રન, આજીવન સભ્ય કે સામાન્ય સભ્ય બનીને અગરતો સભાની સાહિત્ય પ્રવૃત્તિને વેગ આપવા માટે બીજી રીતે આપનો બનતો ફાળો નોંધાવીને સભાની પ્રવૃત્તિને વેગવાન બનાવવામાં સહાયભુત થાઓ.

સભાને આપ નીચેની રીતે સાથ આપી શકો છો :—

રૂા. ૫૦૧) અગર તો વધારે આપીને સભાના આશ્રયદાતા ( પેટ્રન ) બનીને,

રૂા. ૧૦૧) અગર તો વધારે આપીને સભાના આજીવન સભ્ય બનીને,

અગર તો આપ સંસ્થાના વિકાસ માટે આપની વિદ્વતાનો કે અનુભવનો કે આર્થિક મદદનો યોગ્ય ફાળો આપીને.

## શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only